# ખેડબ્રહ્મામાં પોલીસ પર ટોળા દ્વારા પથ્થરમારો

## ટોળાને વિખેરવા પોલીસે બે ટીયર ગેસના શેલ છોડી હળવો લાઠીચાર્જ કર્યો : ૨૦૦ સ્ત્રી-પુરૂષના ટોળા વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો પાંચની ધકપકડ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મામાં એક ઈસમના અપહરણના મામલે ૨૦૦ માણસોના ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી પોલીસ સ્ટેશન ઉપર હુમલો કરી પથ્થરમારો કરતાં ત્રણ પોલીસ કર્મીને ઈજા પહોંચાડી હતી. ટોળાને વિખેરવા પોલીસ બે ટીયરગેસના શેલ છોડી હળવો લાઠીચાર્જ કરતા ટોળુ વિખેરાયું હતું. પોલીસે ૨૦૦ સ્ત્રી પુરૂષના ટોળા વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ કરી પાંચ ઈસમોની ધરપકડ કરતાં શહેરમાં સોપો પડી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્માના પ્રકાશકુમાર ભીમારામ પ્રજાપતિ (ઉં.વ.૩૦)ની પત્ની ભાવનાબેન વડાલી તાલુકાના હાથરવા ગામના રાકેશકુમાર હીરાભાઈ પરમારની સાથે ભાગી ગઈ હતી. ત્રણ માસના સમયગાળા પછી આ ભાવનાબેન શનિવારના રોજ ખેડબ્રહ્મા પરત આવી હતી. પછી ભાવનાબેન તેના પતિ પ્રકાશકુમાર સાથે રહેવા માગતી ન હતી. જેથી પોલીસે તેને હિંમતનગરના નારી સંરક્ષણ ગૃહમાં મોકલી આપી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



દરમિયાન રવિવારના રોજ પ્રકાશભાઈ પ્રજાપતિના પિત્રાઈ ભાઈ બદસારામ સગરામભાઈ પ્રજાપતિને કોઈ અજાણ્યા ચાર પાંચ ઈસમો અપહરણ કરી ઉપાડી ગયા હતા. અપહરણની હાથરવાના રાકેશકુમાર ઉપર શંકા રાખી બદસારામની પત્ની ગોદીબેને રવિવારે જ શકમંદ રાકેશકુમાર પરમાર તથા અન્ય ચાર થી પાંચ ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

સાંજના ૬ વાગ્યાના સુમારે અચાનક ૨૦૦ સ્ત્રી-પુરૂષોનું ટોળુ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન આગલ રોડ ઉપર એકઠુ થઈ ગયુ હતું અને રાકેશકુમાર પરમારને પકડી લાવી બદસારામને શોધી આપવાની માંગણી કરતુ હતુ. પોલીસે દરમિયાનગીરી કરી ટોળાને વિખેરાઈ જવા સમજાવ્યુ હતું. પણ અચાનક ટોળુ ઉશ્કેરાઈ ગયું હતું અને પોલીસ ઉપર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેમાં પોલીસ કર્મીઓ જેમાં હે.કો. કીરીટભાઈ હીરાજી, જુલીયટભાઈ ધનજીભાઈ તથા સુરેન્દ્રનસિંહ બલદેવસિંહને માથાના હાથમાં તથા પેટના ભાગે ઈજાઓ પહોંચી હતી.ટોળાને વિખેરવા માટે પોલીસો બે ટીયરગેસના શેલ છોડ્યા હતા તથા બલવો લાઠીચાર્જ કરતાં ટોળુ વિખરાઈ ગયું હતું.



આ અંગે હરેશભાઈ રમેશભાઈએ ટોળામાના માણસોને ઓળખી બતાવતાં ૩૦ ઈસમો સહીત બસો માણસોના સ્ત્રી-પુરૂષ વિરૂદ્ધ રાયોટીંગની ફરીયાદ પી.એસ.આઈ. વિરલ પટેલે નોંધાવી હતી અને ટોળાના માણસો પૈકી દિનેશભાઈ ગોદડજી પ્રજાપતિ, ઢગલુજી શંકરજી ભાટ, પ્રભુરામ રામાજી મેણ, પારસભાઈ ગેવરજી પ્રજાપતિ તથા ગેદડજી મોહનજી પ્રજાપતિની ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા હતા અને ૧૪ જેટલી મોટરસાયકલો કબજે લીધી હતી. ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૭ મુજબ ગુનો દાખલ કર્યો છે.

## ભિલોડા તાલુકાના ગરીબ બી.પી.એલ. લાભાર્થી ખેડુતોને ધરમધક્કા કરાવતા પ્રજાજનો હેરાન-પરેશાન

ભિલોડા, તા.૧

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના ગરીબ બી.પી.એલ. લાભાર્થીઓને ખાતર, બિયારણની કીટો મેળવવા અધિકારીઓ ધરમધક્કા કરાવતા પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે.સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી(યુવા સંગઠન)રાષ્ટ્રીય પાર્ટીના ઉત્તર ગુજરાત યુવા મહાસચિવ લાલુભાઈ મીર તેમજ ગરીબ બી.પી. એલ. લાભાર્થી ખેડુતોના જણાવ્યા મુજબ કૃષી વૈવિધ્ય પ્રોજેક્ટ હેઠળ આદિજાતી વિકાસ વિભાગ ધ્વારા ખાતર અને બિયારણ આપવાનું ગરીબ બી.પી.એલ.લાભાર્થીઓને નક્કી કરાયુ છે ત્યારે ભિલોડા સહકારી જીન કંપાઉન્ડમાં જગ્યાની ફાળવણી કરાયેલ છે પરંતુ લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢતા હોવાના કારણે ગરીબ બી.પી.એલ. લાભાર્થીઓ છેલ્લા કેટલાક દિવસોથી સતત ધરમધક્કા ખાઈ રહ્યા છે.

આધારભુત ગરીબ ખેડુતોના જણાવ્યા મુજબ મન ફાવે તેમ અધિકારીઓ ખેડુતોને બેફામ લુંટી રહ્યા હોવાની બુમરાણ ઉભી થવા પામી છે. ખેડુતો ભિલોડા મામલતદાર ઓફીસમાં કતારોમાં ઉભા રહી અસહ્ય કાળઝાળ ગરમીમાં કષ્ટ વેઠી ૭/૧૨,૮ અ ના ઉતારા, રેશનીંગ કાર્ડ, બી.પી.એલ.યાદી તેમજ વિવિધ પ્રકારના સરકારની જોગવાઈ મુજબના આધાર પુરાવા એકત્રીત કરી ખાતર અને બિયારણની કીટો મેળવવા જાય છે ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી ખેડુતો ધરમધક્કા ખાઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતો વહેલી સવારથી ખાતર અને બિયારણની કીટો મેળવવા આવતા હોય ત્યારે લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓની લાપરવાહીના કારણે ખેડુતો તોબા-તોબા પોકારી ગયા હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.



(તસવીર : કાન્તિલાલ લોધા)

## બનાસકાંઠામાં વરસાદની કાગડોળે રાહ જોતા ધરતી પુત્રો

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વરસાદના વિરામ બાદ કેટલાક દિવસોથી ગરમી સાથે બફારાનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. જેના કારણે આગામી એક બે દિવસમાં વરસાદ થવાની સંભાવના જોવા મળી રહી છે.જો કે હવામાન વિભાગ ડીસાના જણાવ્યા મુજબ ૫ જુલાઈથી ઉત્તર ગુજરાત તેમજ બનાસકાંઠા જિલ્લામાં વરસાદના બીજા રાઉન્ડનો પ્રારંભ થશે. ડીસા પંથકમાં વરસાદના વિરામ બાદ ખેડૂતો ચોમાસુ ખેતીના કામમાં પરોવાઈ ગયા હતા તેમજ બાજરીનો જે પાક વાઢયા વિના રહી ગયો હતો તેને મજુરો મારફતે વઢાવી દઈ પાકને ઘર ભેગો કર્યો હતો. લાંબા સમયથી વરસાદના વિરામ પછી હવે ધીરે ધીરે વરસાદના વાદળ બંધાવા લાગ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં કાળા ડીબાંગ વાદળ સાથે બફારાનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. એટલે ખેડૂતો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ બાબતે ખેડૂત વજેસંગજી બાલસંગજી પરમારે જણાવ્યું હતું કે ખેડૂતો એ વરસાદના પ્રથમ રાઉન્ડમાં ચોમાસુ વાવેતર કરી દીધું છે એટલે હવે એક-બે દિવસમાં વરસાદ થાય તે જરુરી છે.

## પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે આયુર્વેદિક કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આરોગ્ય કેમ્પનું આયોજન થતા ઘડી તથા પંથકના અસંખ્ય લોકોએ આ આયુર્વેદિક દવા ઉપચાર કેમ્પનો લાભ લીધો હતો.

જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી તથા બી.એચ.ઓ. ડો. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં પ્રાંતિજમાં સ્થિત પોગલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડો. સુહાસિની કનોડીયા દ્વારા ૧૫૦ ઉપરના દર્દીઓની તપાસ, નિદાન તથા આયુર્વેદિક દવાઓ આપવામાં આવી હતી. પંથકના લોકોએ પણ આ આયુર્વેદિક કેમ્પનો લાભ લીધો હતો જયારે સુપરવાઈઝર રણછોડભાઈ પટેલ, ઉષાબેન વગેરે સ્ટાફની સેવાઓ સરાહનીય રહેવા પામી હતી.

## સાબરકાંઠા જીલ્લામાં વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ભારે ચિંતાતુર

ભિલોડા, તા.૧

સાબરકાંઠા જીલ્લામાં વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ભારે ચિંતાતુર બન્યા છે.ખેડુતો ધ્વારા પ્રિ-મોન્સુન એક્ટીવીટીની સક્રીયતાના પગલે થયેલા સારા વરસાદના કારણે ખેડુતોએ વાવણીનો શુભારંભ કરી દીધો હતો.હવે તો વાવણી કરેલ પાક સામે ખતરો ઉભો થવા પામ્યો છે.વરસાદ ખેંચાતા શાકભાજીના ભાવોમાં પણ ભારે ઉછાળો નોંધાયો છે.બીજી તરફ પીયતની નહીવત સુવિધા ધરાવતા ખેડુતો મોંઘા ભાવે પાણી મેળવવા દોડધામ કરી રહ્યા છે.વિજળીની અનિયમીતતાના કારણે પણ પાણીની સુવિધા મેળવવા ખેડુતો સમસ્યાનો સામનો કરી રહ્યા છે.ખેડુતોએ જાણવ્યું હતું કે એક-બે દિવસમાં વરસાદ નહી થાય તો કપાસ અને મગફળીના પાકમાં નુકશાનીનો ભય ખેડુતોને સતાવે છે.

આકાશમાં ઘટાટોપ વાદળો બંધાયા છે પણ વરસતા નથી અને વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બાફ જોવા મળે છે.પરંતુ વરસાદને અનુરૂપ ભેજ જોવા મળતો ન હોવાથી વરસાદ ખેચાઈ રહ્યો છે.સાબરકાંઠા જીલ્લામાં ખેતી માટેની તમામ તૈયારીઓ ખેડુતોએ પુર્ણ કરી દીધી છે.વરસાદ ખેંચાતા શાકભાજીના ભાવોમાં ઉછાળો આવતા ગરીબ અને મધ્યમવર્ગીય પરીવારોનું બજેટ ખોરવાઈ રહ્યું છે.ખેડુતો ખેતરમાં વાવણી કરેલ કપાસ,મગફળી સહિત વિવિધ પાકને બચાવવા માટે ચિંતાતુર બન્યા છે.બિયારણો અને ખાતરોના ભાવો પણ આ વર્ષે આસમાને હોવાના કારણે ખેડુતો ચિંતાતુર બન્યા છે.

ચોમાસાના શુભારંભમાં સારા વરસાદને લીધે સારા ચોમાસાની ખેડુતોને આશા બંધાઈ હતી પરંતુ છેલ્લા વીસ દિવસથી વરસાદ ખેડુતોને હાથતાળી આપી રહ્યો હોવાના કારણે સમગ્ર જનજીવન પર તેની માઠી અસરો જોવા મળી રહી છે.ચોરે અને ચૌટે બસ એક જ વાત છે કે ધોધમાર વરસાદ કયારે આવશે?વરસાદ જુનના પ્રારંભે આવ્યો હતો.સાબરકાંઠા જીલ્લામાં સાર્વત્રીક સારો વરસાદ થયેલ હતો.સારા વરસાદના પગલે ખેડુતો વાવણી તેમજ ખેતીકામમાં પરોવાયા હતા.વરસાદ ખેંચાયો છે ત્યારે દિવેલાનું વાવેતર હાલ પુરતું ખેડુતોએ મુલતવી રાખ્યું છે.ખેતીલાયક જમીનોમાં ભેજનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યારે તેની સીધી અસર ઉત્પાદન પર થતી હોવાના કારણે ખેડુતો વધુ ચિંતાતુર બન્યા છે.મેઘરાજા વહેલી તકે નહી આવે તો ખેડુતો મુશ્કેલીમાં મુકાશે.આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલના કારણે કાળઝાળ ગરમીમાં પ્રજાજનો સેકાઈ રહ્યા છે.

## ડીસા તાલુકા પંચાયત ખાતે બે તલાટીઓનો વિદાય સમારંભ યોજાયો

ડીસા, તા. ૧

ડીસા તાલુકા પંચાયત ખાતે નવા ગ્રામ પંચાયતના તલાટી દિલીપભાઈ જે. મહેતા અને વેરસીભાઈ દેસાઈ વડવળ ગ્રામ પંચાયત તલાટીનો વિદાયસમારંભ તાલુકા વિકાસ અધિકારી સી.પી. ડગલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં બન્ને તલાટીઓનું ફુલહાર અને નારીયેલ તેમજ સાકર આપી સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્તકાળના સમય દરમિયાન સમાજસેવા સાથે સંકળાયેલા રહેલ અને તંદુરસ્તભર્યુ દિર્ઘાયુષ્ય ભોગવે તેવા આશિર્વચન ટી.ડી.ઓ. ડગલાએ આપ્યા હતા. તાલુકા પંચાયતના પ્રમુખપતિ વિજુભા વાઘેલા, તલાટી મંડળના પૂર્વ પ્રમુખ ધાસુરા ગામડાના સરપંચો તાલુકા પંચાયતના સ્ટાફના તેમજ શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પ્રાંતિજ માર્કેટયાર્ડના ચેરમેન ચૂંટાયા

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ તાલુકાના માર્કેટયાર્ડના ડિરેક્ટરોની બેઠક તાજેતરમાં મળતા ૨૦૧૩-૧૪ના વર્ષના ચેરમેન પદે જાણીતા સહકારી અગ્રણી અને વદરડાના વતની દિનેશકુમાર વરવાભાઈ પટેલનું બિનહરિફ વરણી કરવામાં આવતા પંથકમાં હર્ષની લાગણી વ્યાપી છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૧ | ૮૭૧ |
| એરંડા | ૬૭૮ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૯ |
| બાજરી | ૨૨૦ | ૨૯૫ |
| ગવાર | ૯૫૦ | ૧૩૧૩ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૨૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૦૦ | ૨૮૦ |
| જુવાર | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૦૨૫ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૨૫ |
| ડાંગર ગુજ | ૩૨૫ | ૩૫૫ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૪૦ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૭ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ગવાર | ૯૦૦ | ૧૩૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૮ | ૩૩૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| એરંડા | ૬૫૬ | ૬૬૬ |
| મગફળી | ૬૬૬ | ૭૭૫ |
| મગ | ૭૦૦ | ૯૨૧ |
| ગવાર | ૧૧૫૦ | ૧૨૫૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૨૫ | ૫૯૨ |
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| બાજરી | ૨૫૦ | ૩૦૪ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૮ |
| મગફળી | ૪૦૦ | ૮૨૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૦ |
| ચણા | ૫૫૦ | ૮૪૧ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |
| મગ | ૯૦૦ | ૯૪૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| ચણા | ૫૦૦ | ૫૪૫ |
| મગફળી | ૫૦૦ | ૮૧૪ |
| ગવાર | ૮૦૦ | ૧૨૪૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૮૬ |
| ઘઉં | ૩૧૩ | ૩૨૯ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૭ |
| એરંડા | ૬૫૯ | ૬૭૨ |
| ગવાર | ૧૦૪૪ | ૧૩૦૧ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૩૩૦ | ૬૬૫ |
| જુવાર | ૩૫૦ | ૩૮૮ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૮ | ૨૮૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૯૫ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |
| ગવાર | ૧૦૩૫ | ૧૨૯૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૨૫ | ૩૮૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૮૬૫ |
| એરંડા | ૬૭૦ | ૬૮૮ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૩ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| ચણા | ૬૦૦ | ૬૪૦ |
| જુવાર | ૨૧૩ | ૩૫૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૪૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૬૨૦ | ૮૭૦ |
| ગવાર | ૯૫૦ | ૧૩૦૫ |
| જુવાર | ૩૫૦ | ૩૮૫ |
| મગ | ૭૫૦ | ૭૭૦ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૧ | ૩૮૫ |
| જુવાર | ૫૪૭ | ૫૯૨ |
| બાજરી | ૫૪૭ | ૫૯૨ |
| બાજરી | ૨૦૦ | ૨૭૬ |
| ગવાર | ૯૦૧ | ૧૩૩૧ |
| એરંડા | ૬૬૧ | ૬૮૩ |
| રાયડો | ૬૦૫ | ૬૧૨ |
| રાજગરો | ૯૦૩ | ૧૧૬૨ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૪ | ૬૦૬ |
| એરંડા | ૬૬૦ | ૬૯૦ |
| મગ | ૮૦૦ | ૧૦૦૬ |
| ગવાર | ૮૫૫ | ૧૩૭૧ |
| ઘઉં | ૨૮૦ | ૩૯૭ |
| બાજરી | ૧૯૩ | ૨૮૫ |
| જુવાર | ૩૩૫ | ૬૦૨ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૫૦ |
| બાજરી | ૨૦૦ | ૩૦૧ |
| રાયડો | ૫૬૦ | ૬૧૮ |
| એરંડા | ૬૬૦ | ૬૯૨ |
| કપાસ | ૭૫૦ | ૯૬૦ |
| જુવાર | ૨૪૦ | ૫૪૧ |
| તલ | ૧૯૦૦ | - |
| જવ | ૨૬૫ | - |
| ગવાર | ૯૮૧ | ૧૩૬૧ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૫૨૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૨૭૬ | ૩૭૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૫૪૦ | ૬૦૧ |
| રજકાળી | ૧૦૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૫૨૫ | ૫૩૦ |
| વરીયાળી | ૮૯૦ | ૧૧૦૦ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| એરંડા | ૬૬૨ | ૬૮૦ |
| અજમો | ૬૦૦ | ૧૧૨૨ |
| ગવાર | ૯૦૦ | ૧૩૦૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૬૫ |
| બાજરી | ૧૬૦ | ૨૭૧ |
| એરંડા | ૬૦૦ | ૬૭૧ |
| ગવાર | ૮૭૦ | ૧૨૮૦ |
| જવ | ૨૧૦ | - |
| જુવાર | ૩૧૨ | ૩૩૬ |

### જોટાણ

| | | |
|---|---|---|
| જુવાર | ૩૧૦ | - |
| બાજરી | ૧૮૫ | ૨૫૭ |
| એરંડા | ૬૬૭ | ૬૭૪ |
| ગવાર | ૯૯૫ | ૧૩૩૦ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૧ | ૬૦૯ |
| એરંડા | ૬૫૫ | ૬૮૫ |
| સાસટો | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૨ | ૨૯૧ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૪૮ |
| બંટી | ૩૦૦ | ૩૮૫ |
| જવ | ૨૦૦ | ૨૪૦ |
| અડદ | ૫૦૦ | ૬૧૬ |
| ચણા | ૫૫૦ | ૬૦૦ |
| સવા | ૬૦૦ | ૬૯૧ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૫૩૨ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૫૨ |
| એરંડા | ૬૬૪ | ૬૭૭ |
| બાજરી | ૨૩૫ | ૨૯૬ |
| રાયડો | ૬૦૦ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૭૫ |
| ગવાર | ૧૦૮૦ | ૧૩૮૦ |
| જુવાર | ૩૧૦ | ૩૯૫ |
| જવ | ૨૫૦ | ૨૫૫ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૦૦ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૦૦ | ૨૬૯૦ |
| વરીયાળી | ૯૨૦ | ૧૯૦૦ |
| ઈસબગુલ | ૧૧૫૩ | ૧૫૨૦ |
| સરસવ | ૬૩૩ | - |
| રાયડો | ૫૩૨ | ૬૪૨ |
| મેથી | ૫૫૧ | ૫૬૦ |
| તલ | ૧૮૩૧ | ૨૨૩૫ |
| સવા | ૫૬૦ | - |


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧